## મેઘરજ તાલુકાના ડામોર ઢુંઢા ગામે અંગત અદાવતમાં

# એક જ કોમના બે જુથો વચ્ચે મારામારીમાં ૧નુ મોત

### ૧૭ ઘાયલ અને બે મકાનોને આગ ચાંપી : પોલીસ દ્વારા રાયોટીગનો ગુનો નોંધાયો : સામસામે ૨૮ જણા વિરૂદ્ધ ફરીયાદ નોધાઈ









(તસવીર : સમીર બલોચ, જીતેન્દ્ર પટેલ, મોડાસા)

મોડાસા, તા.૧૭

મેઘરજ તાલુકાના ડામોર ઢુંઢા ગામે થોડાક દિવસો પહેલા ૧૬ વર્ષની સગીરાનો મૃતદેહ કુવામાં નાખી દેવાના આક્ષેપ સાથે આજે છોકરા અને છોકરી બન્ને પક્ષ વચ્ચે મારામારી થઈ હતી. જેમાં બે મકાનોને આગ ચાંપી દેવામાં આવી હતી અને આ મારામારીમાં કુલ ૧૭ વ્યક્તિઓ ઘાયલ થયા હતા. જયારે ૧નુ મોત નીપજ્યું હતુ. જયારે પોલીસે ૨૮ જણા વિરૂધ્ધ ગુનો નોધ્યો હતો.



મેઘરજ તાલુકાના ડામોર ઢુંઢા ગામે દિવાળીના તહેવારો દરમ્યાન ૧૬ વર્ષીય સગીર વયની કીશોરીની અપમૃત્ય બાબતેની અદાવતમાં મંગળવારની સવારે બન્ને પક્ષો વચ્ચે થયેલી સામાન્ય તકરારે મોટુ સ્વરૂપ ધારણ કર્યા બાદ આજે બે મકાનોને આગ ચાપી દેવામાં આવી હતી. જયારે આ બન્ને મકાનો બળીને ખાખ થઈ ગયા હતા અને લાખો રૂપીયાનો સામાન પણ બળીને ખાખ થઈ ગયો હતો. જયારે આ તકરારમાં કુલ ૧૭ લોકો ઘાયલ થયા હતા જેમાં તમામને સારવાર અર્થે મોડાસાની સાર્વજનીક હોસ્પીટલમાં ખસેડવામાં આવ્યા હતા. જેમાંથી એકની હાલત ગંભીર જણાતા તેને અમદાવાદની સીવીલ હોસ્પીટલમાં ખસેડવામાં આવ્યો હતો પરતું ત્યાં આ ઈજાગ્રસ્તનુ મોત નીપજ્યાના સમાચાર જાણવા મળેલ છે. પરંતુ આ વાતની સત્તાવાર જાહેરાત કરાઈ નથી.

મેઘરજ તાલુકાના ડામોર ઢુંઢા ગામે દિવાળીના તહેવારો દરમીયાન પુંજાભાઈ કાળુભાઈ ડામોરની ૧૯ વર્ષીય સગીર દિકરીનુ અપમૃત્યુ થયુ હતુ. જે પ્રકરણમાં પોલીસ ચોપડે કુવામાં પડી જવાથી આ દિકરી વધુ પડતુ પાણી પી જવાથી મોત નીપજ્યું છે તેવો પોસ્ટમોર્ટમ રીપોર્ટ આવ્યો હતો અને પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોધ્યો હતો. પરંતુ પોતાની દિકરીનુ ગામના જ અને પડોશના જ કેટલા ઈસમોની હેરાન ગતીના કારણે થયુ હોવાનો આરોપ મુકી સગીરાના પરિવારજનોએ ઉચ્ચસ્તરીય તપાસની માંગ કરી હતી. આ બાબતે આજે ઝગડો થયેલ બન્ને પરિવાર વચ્ચે છેલ્લા એક માસથી નાની નાની બાબતે તકરાર થતી હતી. ત્યારે આજે મંગળવારે વહેલી સવારના રોજ પુંજાભાઈ ડામોર અને જીવાભાઈ ડામોરના પરિવાર વચ્ચે બોલાચાલી થતા બોલાચાલી બાદ વાતવાતમાં જોતા જોતા આ પરિવારો વચ્ચે લાકડીઓ કુહાડીઓ અને તલવારો લઈ એકબીજા સાથે મારામારી કરી અને આટલે આ વાત ન અટકતા બન્ને પક્ષોએ એકબીજાના રહેણાંક મકાનોને આગચાંપી દીધી હતી. પુજાભાઈ કાળાભાઈ ડામોર અને સામા પક્ષે રાજુભાઈ જીવાભાઈ ડામોરના ઘર બળીને ખાખ થઈ ગયા હતા.



જયારે ઘટના સ્થળ ઉપર ભારેલા અગ્ની જેવી પરીસ્થીતીનુ નિમાર્ણ થતાં મેઘરજ પોલીસે ઘટના સ્થળ ઉપર પોલીસ બંદોબસ્ત ગોઠવી દીધો હતો.

જયારે પોલીસ ધ્વારા બન્ને પક્ષોની સામ સામે ફરીયાદ લઈ કુલ ૨૮ જણા વિરૂધ્ધ રાયોટીગનો ગુનો દાખલ કરી અને આરોપીઓને પકડવાના ચક્રો ગતિમાન કર્યા હતા.

જયારે મોડાસાની સાર્વજનીક હોસ્પીટલ ખાતે ભરતી કરેલા ઘાયલોમાંથી નજીવી ઈજા થઈ હોય અને આરોપીમાં સામેલ હોય તેવા લોકોને ડોકટરી તપાસ બાદ અને રીપોર્ટ બાદ ધરપકડ કરવા માટે સાર્વજનીક હોસ્પીટલ ખાતે મેઘરજ પોલીસ જીલ્લા એલ.સી.બી, મોડાસા સી.પી.આઈ. અને નાયબ જીલ્લા પોલીસ અધીક્ષક સહિતનો પોલીસ અધિકારીઓનો કાફલો સાર્વજનીક હોસ્પીટલ ખાતે ઉતરી પડ્યો હતો અને બન્ને પક્ષોની વાત સાંભળી એક પક્ષે ૧૩ જણા વિરૂધ્ધ તો બીજા પક્ષે ૧૫ જણા વિરૂધ્ધ ફરીયાદ નોધી કુલ ૨૮ જણા વિરૂધ્ધ રાયોટીંગનો ગુનો નોધી આરોપીઓને પકડવાની કાર્યવાહી હાથ ધરી હતી.



(તસવીર : મગનજી વણઝારા, હિંમતનગર)

## હિંમતનગર ખાતે રાષ્ટ્રીય પ્રેસ દિવસની ઉજવણી કરાઈ

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગરના સર્કિટ હાઉસ ખાતે આજે રવિવારના રોજ રાષ્ટ્રીય -સ દિનની ઉજવણી સાબરકાંઠા જિલ્લા વિકાસ અધિકારી નાગરાજનના અધ્યક્ષતામાં યોજાઈ હતી . જેમાં અતિથિ વિશેષ તરીકે જિલ્લા અધિક કલેકટર એસ.ડી.ધાનાણી ઉપસથિત રહ્ના હતા. સાર્વજનિક બાબતોમાં પારદર્શકતા અખબારોની ભૂમિકોં વિષય પર યોજાયેલ પરિસંવાદમાં અધ્યક્ષસ્થાનેથી -વચન કરતા જિલ્લા વિકાસ અધિકારી નાગરાજને જણાવ્યું હતું કે પારદર્શક વહિવટ પક્રિયા જ એ સમાજનો વિકાસનો આધાર છે. આપણે ત્યાં લોકશિક્ષણ આપવા સાથે લોકમત ઘડવાનુ કામ મીડીયા કરે છે. દેશના સૌથી વધુ શિક્ષણ ધરાવતા કેરાલા રાજયમાં ૯૮ ટકા લોકો ન્યૂઝ પેપર વાંચે છે. તેથી ત્યાં લોકજાગૃતિ વધુ જોવા મળે છે. પરિસંવાદના મુખ્ય વક્તા અને અને એમ.એમ.એન કોલેજ વિસનગરના -ોફેસર ડૉ. કે.કે વૈષ્ણવે અખબારોની ભૂમિકા સમજાવતા જણાવ્યુ હતું કે, આજનું મીડીયા સનસનાટી ભર્યા સમાચારનું -તિક બની ગયુ છે. ચેનલો અને છાપાના અતિક્રમણના કારણે લોકોની સંવેદના મરી પરવારી છે. પરંતુ આ સંવેદનાનો સંચાર અને માનવ ધર્મ નિભાવવાનું કામ મીડીયાએ કામ કરવાનું છે.

## ભિલોડામાં એક માસમાં તસકરોએ દસ પતરાંના કેબીન તોડયા

### વેપારી આલમની ઉંઘ હરામ : તસકરો બેફામ બન્યા

ભિલોડા,તા.૧૮

અરવલ્લી જીલ્લાના ભિલોડામાં છેલ્લા એકાદ માસથી દિન-પ્રતિ-દિન ચોરીઓનો ઉપદ્રવ વધી રહ્યો છે. જેમાં લીડર ટેલર્સ-ગણેશ ચોક, સાવિત્રી કિરાણા, ચાર રસ્તે આવેલી કિરાણાની દુકાન, સમીર મોબાઈલ, માતેશ્વરી પાન પાર્લર, નરપતસિંહ કાપડવાળા, જય ઈલેક્ટ્રીક, ઉમેશ ટ્રેડીંગ વિગેરે સાત-આઠ દુકાનો તુટ્યાની શાહી સુકાઈ નથી ત્યારે તા.૧૭/૧૧/૨૦૧૪ ની રાત્રીએ પંડ્યા ઈલેક્ટ્રીક અને ગાયત્રી નોવલ્ટી સ્ટોર્સના પતરાના કેબીનના ઉપરના ભાગે પતરાં ખોલી તસ્કરો દુકાનમાં પ્રવેશ કરી સીરીજો તેમજ ઈલેક્ટ્રીકનો સામાન મળી આશરે ૮,૦૦૦/-થી ૧૦,૦૦૦/-ની વસ્તુઓ ચોરી ગયાની ઘટના બનવા પામી છે.

વેપારીઓ ઘટના બનતાની સાથે ફરીયાદ આપવા પોલીસ મથકે પહોંચ્યા હતા. પોલીસ ધ્વારા ફરીયાદની એફ.આઈ.આર. ફાડતી નથી પણ લેખિત અરજી લઈ વેપારીને રવાના કરે છે. પંડ્યા ઈલેકટ્રીક તેમજ ગાયત્રી નોવેલ્ટી સ્ટોર્સ મેઈન રોડ ઉપર આવેલ છે તેમજ બજાર મીની પોલીસ ચોકીથી ૨૫ મીટર દુર છે છતાં આ પતરાં તોડી આ દુકાનમાં પ્રવેશ કરી ચોરી થયાની બાબત પોલીસ માટે એક શરમજનક ગણાય. લોકચર્ચા મુજબ જે-જે કેબીન તુટ્યા તે એક જ પધ્ધતિથી તુટે છે. ઉપરના પતરા કાપી દુકાનમાં પ્રવેશ કરી લુંટ-ફાટ કરી પલાયન થાય છે. આ ચોરીઓના ઉપદ્રવ બાબતે વેપારીઓ ધ્વારા તાલુકા, જીલ્લા તેમજ ગાંધીનગર સુધી રજુઆતો કરવા છતાં પોલીસની ઉંઘ ઉડતી નથી ત્યારે આધારભુત સુત્રો ધ્વારા માહિતી મળી છે કે હવે પછી આવી ઘટના બને તો બજારો બંધ રાખી સખત વિરોધ દર્શાવી ગાંધીચિંધ્યા માર્ગે જવાનું વિચારી રહ્યા જાણવા મળ્યું છે.



(તસવીર : બાબુભાઈ, વડાગામ)

રાષ્ટ્રીય સ્વચ્છતા અભિયાન... વડાગામ ગ્રામ પંચાયત વિસ્તારમાં નાગરિકો સ્વેચ્છાએ સ્વચ્છતા અભિયાનમાં જોડાઈ રહ્યા છે અને પોતાની આસપાસની ગંદકી દૂર કરી રહ્યા છે અને કચરો કચરાપેટીમાં નાખી રહ્યા છે.

## ઓધવ વિદ્યામંદિર શાળામાં ચિલ્ડ્રન્સ ડે ઉજવાયો

વડાગામ, તા. ૧૮

કચ્છ કડવા પાટીદાર સમાજ ગુજરા-ધનસુરા સંચાલિત ઓધવ વિદ્યામંદિર શાળામાં ચિલ્ડ્રન્સ ડે ની બાળકો દ્વારા ઉજવણી કરવામાં આવી હતી.

ચિલ્ડ્રન્સ ડે ની ઉજવણીના ભાગરૂપે ધોરણ-૧ થી ૧૦ ના બાળકોએ વિવિધ પ્રકારની રંગોળી ચાર્ટ અને ભીતપત્રો તૈયાર કર્યા હતા. ઉપરાંત બાળકોએ નેતાઓની વેશભૂષા ધારણ કરી વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો પણ રજુ કર્યા હતા. આ કાર્યક્રમમાં દેશના નેતાઓની પ્રસંગને અનુરૂપ માહિતી આપવામાં આવી હતી. આ પ્રસંગે પ્રમુખ પ્રહલાદભાઈ, કાર્તિકેય સી. પટેલ, શાળાના આચાર્યા જીગ્નેશભાઈ પટેલ સહિત શાળા પરિવારના સભ્યો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા અને બાળકોને પ્રોત્સાહન પુરૂ પાડ્યું હતું.



(તસવીર : બાબુભાઈ પટેલ)



વડાગામ કચ્છ કડવા-પાટીદાર સમાજની વાડી ખાતે ૧૦૮ વિષ્ણુયાગ યજ્ઞ યોજાયો હતો. જેમાં એક લાખ સોળ હજાર આહુતિ આપવામાં આવી હતી. આ ધાર્મિક કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ભાવિકો ઉપસ્થિત રહ્યા હતા અને હવનનો લાભ લીધો હતો. આ કાર્યક્રમ સફળ બનાવવા ભાઈલાલભાઈ, પ્રેમજીભાઈ સહિતના સેવકોએ જહેમત ઉઠાવી હતી. (તસવીર : બાબુભાઈ પટેલ, વડાગામ)

## વાસણી ગામની યુવતીનું અપહરણ થતાં ચકચાર

ભિલોડા, તા.૧૮

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના વાંસળી ગામની યુવતીને લલચાવી-ફોસલાવી બદકામ કરવાના ઈરાદા પુર્વક નવા ભવનાથ ગામના નવયુવાન ધ્વારા અપહરણ કરતાં ચકચાર મચી જવા પામી છે. ભિલોડા પોલીસ સ્ટેશન પી.એસ.ઓ. અરવિંદભાઈ પરમારના જણાવ્યા મુજબ ભિલોડાના નવા ભવનાથ ગામના કુંતલભાઈ કૌશીકભાઈ રાવલએ વાંસળી ગામની એક યુવતીને લલચાવી-ફોસલાવી બદકામ કરવાના ઈરાદા પુર્વક અપહરણ કરતાં ચકચાર મચી જવા પામી છે. કૌશીકભાઈ સુખદેવભાઈ રાવલએ યુવતીનું અપહરણ કરવામાં મદદગારી કરેલ હોવાનું પોલીસ સુત્રો ધ્વારા જાણવા મળેલ છે.આ બનાવ સંદર્ભે વાંસળી ગામના ભીખીબેનની ફરીયાદના આધારે ભિલોડા પોલીસ ધ્વારા કુંતલભાઈ કૌશીકભાઈ રાવલ, કૌશીકભાઈ સુખદેવભાઈ રાવલ વિરૂધ્ધ ફરીયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી વધુ તપાસ ચલાવી રહ્યા છે.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર

મોર્ડન મોટર્સ

ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY

સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર

ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર
ઓથોરાઈઝ્ડ ડીલર

ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦